GYANBODH

**Volume:** 1
**Issue:** 1
Sept - Oct 2024

# શિક્ષણની સંપૂર્ણતાનો આવિષ્કાર: તૈત્તિરીય ઉપનિષદ

ડૉ. તૃપ્તિબેન ઠાકર,
આસિસ્ટન્ટ પ્રોફેસર,
એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

**સારાંશ:**

શિક્ષણની વિભાવનાનાં મૂળ વૈદિક સંસ્કૃતિમાં વેદો અને ઉપનિષદોમાં જોવા મળે છે. તૈત્તિરીય ઉપનિષદમાં શિક્ષણની સંપૂર્ણતાનો ખ્યાલ આપણે જોઈ શકીએ છીએ. તે માટે આપણે તૈત્તિરીય ઉપનિષદનો પરિચય મેળવવો પડે તેમાં આપેલ મંત્રનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરી તારણો મેળવવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હતું. આ માટે મૂળ ગ્રંથોનો ઊંડો અભ્યાસ અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ અનુસરવામાં આવી હતી. પ્રાથમિક સ્ત્રોતો તરીકે તૈત્તિરીય ઉપનિષદ અને તે સિવાય ઉપનિષદની ટીકાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. માટે  પ્રસ્તુત અભ્યાસપત્ર એ શિક્ષણની સંપૂર્ણતાનાં આવિષ્કાર તરીકે તૈત્તિરીય ઉપનિષદનો ઉઘાડ કરવાનો એક નમ્ર પ્રયાસ છે.

**ચાવીરૂપ શબ્દો:** તૈત્તિરીય ઉપનિષદ, શિક્ષણ, આવિષ્કાર, ભારતીય જ્ઞાન પરંપરા

**પ્રસ્તાવના:**

'શિક્ષણ' એ ભારતવર્ષનો પુરાતન વારસો છે. વૈદિક અધ્યયન- અધ્યાપન પરંપરા તેનો શ્રેષ્ઠ પુરાવો છે. જેટલું અને જે પ્રકારનું શિક્ષણ ભારતવર્ષમાં થયું છે તે આશ્ચર્ય ઉપજાવે તેવું છે. વૈવિધ્ય અને વિપુલતા બંને તેને વરેલાં છે તે વૈદિક સાહિત્યનું મંથન કરતાં અનુભવાય છે. આ કરતાં પણ તેની સર્વોચ્ચ વિશેષતા તો એ છે કે આ શિક્ષણ વિકલાંગ નથી, સર્વાંગ સંપૂર્ણ છે. નિષ્ફળ

કે અલ્પફલક નથી, પરંતુ સફળ અને અનંતફલક છે. કારણ તેમાં પ્રાણ પુરાયા છે. અધ્યાત્મવિદ્યાના! બ્રહ્મવિદ્યાના! આવો, આ તૈત્તિરીય ઉપનિષદના ચિંતનરૂપે બ્રહ્મવિદ્યાથી રસભર વૈદિક શિક્ષણનું આચમન કરીએ.

**તૈત્તિરીય ઉપનિષદ: પરિચય**

આ ઉપનિષદ કૃષ્ણયજુર્વેદમાં સ્થાન ધરાવે છે. કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય નામની શાખામાં તૈત્તિરીય આરણ્યક અંતર્ગત આ ઉપનિષદનો પાઠ થાય છે. તેથી આ ઉપનિષદને પણ તૈત્તિરીય સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તૈત્તિરીય ઉપનિષદ ત્રણ વિભાગોમાં વહેંચાયેલું છે. આ વિભાગોને અહીં 'વલ્લી' કહેવામાં આવે છે. તેમાં પ્રથમ શિક્ષાવલ્લી છે. બીજી આનંદવલ્લી અને ત્રીજી છે ભૃગુવલ્લી. આ ત્રણેય વલ્લીઓમાં ઉપદેશાયેલા મર્મને જાણીએ.

**अ .શિક્ષાવલ્લી –**

**1. સર્વસુખમયતાની યાચના-शन्नो मित्रः शं वरुणः**

તૈત્તિરીય ઉપનિષદનો પાઠ આરંભાય અને શિક્ષાવલ્લીનો નાદ સંભળાવા લાગે - 'शन्नो मित्रः शं वरुणः। शन्नो भवत्वर्यमा। शन्न इन्द्रो बृहस्पतिः। शन्नो विष्णुरुरुक्रमः।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) ઉપનિષદના ઉપદેષ્ટાએ ઉપદેશ કરતાં પહેલાં કરેલ શાન્તિપાઠના આ શબ્દો છે. સર્વત્ર સુખમયતાની, સર્વત્ર શાન્તિની એમાં થાયના છે.

મિત્ર, વરુણ, અર્યમા, બહસ્પતિ વગેરે સૃષ્ટિસંચાલનમાં પરમાત્મા દ્વારા નિમાયેલા દેવતાઓ અમારા માટે સુખમય બને અને શાન્તિ વરસાવે એમ પ્રભુપ્રાર્થના કરી ઉપનિષદના આરંભમાં જ સકલ સૃષ્ટિનું હિત માગી લીધું છે. ભારતીય અધ્યાત્મ

વિચારવૈભવની આ અદકેરી વિશેષતા છે. સર્વનાં સકલ દુઃખોનું નિવારણ, પરમસુખની અનુભૂતિ, પરમ શાન્તિની પ્રાપ્તિ એ જ આપણા ભારતવર્ષના ચિંતનની દિશા રહી છે.

હવે આ જ મંત્રમાં બીજી વાત જોઈએ.

**2.અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મને નમન-નમો બ્રહ્મણે**

નમો બ્રહ્મણે (તૈત્તિરીય ઉપનિષદ્ ૧/૧) બ્રહ્મને નમું છુ_'ઉપદેષ્ટા ઋષિએ અહીં બ્રહ્મણે એવો એક જ શબ્દ પ્રયોજીને એક સાથે અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ એમ બે દિવ્ય તત્ત્વોને નમન કર્યું છે. કારણ આગળ જતાં આ જ ઉપનિષદમાં બ્રહ્મવિદાપ્રોતિ પરમ્ (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧), સત્યં જ્ઞાનમનન્તં બ્રહમ (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) વગેરે વાક્યોમાં બ્રહ્મ શબ્દ પ્રયોજી અક્ષરબ્રહ્મની વાત કરી છે. તો સાથે સાથે આનન્દો બ્રહ્મેતિ વ્યજાનત (તૈત્તિરીય ઉપનિષદ ૩/૬) વગેરે વાક્યોમાં બ્રહ્મ શબ્દ જ પ્રયોજી પરબ્રહ્મની પણ વાત કરી છે. આમ અક્ષરબ્રહ્મ તથા પરબ્રહ્મ એ બંને શબ્દોમાં સામાન્યપણે પ્રયોજાયેલા એક બ્રહ્મ શબ્દનો ઉપયોગ કરી ઋષિ એક સાથે એ બંને દિવ્ય સ્વરૂપોનું અનુસંધાન કરતા કહે છે નમો બ્રાહ્મણે અક્ષર-પુરુષોત્તમને નમસ્કાર!

આ નમનનો હેતુ પણ સમજાય તેવો છે. ઉપનિષદ બ્રહ્મવિધાનું શાસ્ત્ર છે. આ બ્રહ્મવિદ્યાનું લક્ષણ ઉપનિષદ પોતે જ સમજાવે છે. યેનાક્ષરમ્ પુરુષં વેદ સત્યં પ્રોવાચ તાં તત્વતો બ્રહમવિધામ્ (મુંડક ઉપનિષદ ૧/૨/૧૩) જેના વડે અક્ષર કહેતાં અક્ષરબ્રહ્મનું અને પુરુષ કહેતાં પુરુષોત્તમનું તત્ત્વે કરીને જ્ઞાન થાય તેને બ્રહ્મવિદ્યા કહેવાય. તેથી જ આ તૈત્તિરીય

ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતાં પહેલાં તે બ્રહ્મવિદ્યામાં સમાયેલાં બંને દિવ્ય તત્ત્વોને એક સાથે સ્મરણ કરી નમન કર્યું છે.

**3.પ્રત્યક્ષભાવે સ્તુતિ त्वमेव प्रत्यक्षं ब्रह्मासि -**

નમન પછી હવે સ્તુતિ કરે છે. 'ત્વમેવ પ્રત્યક્ષ પ્રહ્માસિ' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) અક્ષરબ્રહ્મ તથા પરબ્રહ્મની પ્રત્યક્ષતાનો પ્રગટતાનો અહીં નિર્દેશ છે. ગુણાતીત ગુરુમાં આવો પ્રત્યક્ષભાવ લાવી ઘૂંટવાનો હોય છે. ગુરુ પોતે અક્ષરબ્રહ્મ છે અને તેઓમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અખંડ રહ્યા છે તેથી આપ જ અમારા માટે પ્રગટ અક્ષરબ્રહ્મ અને પ્રગટ પરબ્રહ્મ છો એવા પરમ દિવ્યભાવે સહિત પ્રગટ ગુરુહરિનું સેવન કરવું એવો આ વાક્યનો મર્મ છે. શિક્ષણ આપવા તત્પર ઋષિનો એક મહાન આચાર પણ આ શાન્તિપાઠમાં નિહાળવા મળે છે. તે હવે જોઈએ.

**4.શિક્ષકે લીધાં સત્યનાં સોગંધ! - सत्यं वदिष्यामि**

સત્યવાદિતા એ ઉપદેશકનો, અધ્યાપકનો, શિક્ષકનો પ્રથમ આવશ્યક ગુણ છે.ऋतंवदिष्यामि| सत्यं वदिष्यामि |' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) 'હું સનાતન સિદ્ધાંતો કહીશ. સત્ય કહીશ. અર્થાત્ ખોટા સિદ્ધાંતો નહીં ભણાવું એમ કહી અધ્યાપક ઋષિએ અહીં સત્યવાદિતાના સમ ખાધા છે. કારણ ઉપનિષદના ઋષિ અહીં ઉપદેષ્ટાના સ્થાને છે, અધ્યાપક છે, શિક્ષક છે. તેમણે ભણાવવાનું છે. ખોટું બોલવું તે પાપ છે. પણ ખોટું ભણાવવું તે તો મહાપાપ છે. વૈદિક ગુરુ-શિષ્ય સંવાદશાળાની આ વિશેષતા છે. તેમાં અધ્યાપક ગુરુઓ શિષ્યના જીવનમાં અને સમાજમાં પોતાનું સ્થાન સમજે છે. પોતાનું કર્તવ્ય સમજે છે.

અસત્યતાથી કલંકિત શિક્ષણ શિષ્યના જીવનને કેટલું કલુષિત કરી શકે, સંપૂર્ણ સમાજના વાતાવરણમાં કેવું પરિણામ લાવી શકે તે વાતથી તેઓ જરાય અજાણ નથી.

વળી, સત્યવાદીએ સહનશીલ બનવું પડે, ક્યારેક સત્ય ઉચ્ચારણના વિપરીત પ્રત્યાઘાતો પણ ઝીલવા પડે તે પણ તેઓ જાણે છે. એટલે જ સમાજમાં આવા સહનશીલ સત્યના ઉપદેશકોની અખંડિત પરંપરાની આવશ્યકતા જાણીને અહીંનો અધ્યાપક ઋષિ પ્રાર્થી 'तन्मामवतु। तद्वक्तारमवतु। अवतु माम्। अवतु वक्तारम्।' (तैत्तिरीय उपनिषद् १/१) 'હે પ્રભુ! મને રક્ષો. વક્તાને, અધ્યાપકને રક્ષો.' આમ એક વ્યક્તિ તરીકે પોતાની રક્ષા યાચવાનો હેતુ પણ અંતે તો સમાજને જ્ઞાનવિજ્ઞાનથી સુસજ્જ રાખવાનો જ છે.

આ રીતે એક આદર્શ અધ્યાપકની કે શિક્ષકની અધ્યાપન કરાવતાં પહેલાં કેવી ભાવના હોવી જોઈએ તેનું દર્શન આ મંત્રમાં પ્રાપ્ત થાય છે.

**5.શિક્ષાનો વિશિષ્ટ અર્થ - शीक्षां व्याख्यास्यामः**

અહીં શિક્ષા એટલે દંડ નહીં, પરંતુ શિક્ષણ. તે પણ વિશિષ્ટ પ્રકારનું! વેદોના અધ્યયનમાં ઉપયોગી એવું શિક્ષણ. આપણા વેદો વિજ્ઞાનનો મહાસાગર છે. સાચા વૈજ્ઞાનિક થવા તેનું ઊંડાણથી અધ્યયન કરવું પડે. અને એ અધ્યયન કરવા સર્વપ્રથમ તો તેને સાચવવા પડે.આપણી પ્રાચીન પરંપરા અનુસાર વેદોને જેમ છે તેમ વ્યવસ્થિત સાચવવા માટે એક વિશિષ્ટ પદ્ધતિ અપનાવવામાં આવી છે. તે છે વ્યવસ્થિત ઉચ્ચારણ-અનુચ્ચારણની પદ્ધતિ. આજથી હજારો વર્ષ પૂર્વે જ્યારે લેખન પદ્ધતિનો વિકાસ થયો ન હતો ત્યારે આપણે ત્યાં આ ઉચ્ચારણ-અનૂચ્ચારણની પાઠ પદ્ધતિ દ્વારા વેદને સાચવવામાં આવતા. અને આ સનાતન પરંપરાના ફળ રૂપે જ આજે આપણને વેદોનો વિશાળ મંત્રરાશિ

જેમ વિદ્યા એટલે શિક્ષા, જેનું આ ઉપનિષદમાં નિરૂપણ છે. शीक्षां व्याख्यास्यामः” (તૈત્તિરીય ઉપનિષદ ૧/૨) 'હવે અમે શિક્ષાની વ્યાખ્યા કરીએ છીએ.' એમ પ્રતિજ્ઞા કરીને તૈત્તિરીયના ઋષિ અહીં આ શિક્ષાશાસ્ત્રના મુખ્ય વિષયોને દર્શાવે છે.'वर्णः स्वरः। मात्राबलम्। साम सन्तानः। इत्युक्तः शीक्षाध्यायः।' (तैत्तिरीय उपनिषद् १/२) 'वर्णः' એટલે અક્ષર. અ, ઇ, ઉ, ઋ, વગેરે સ્વરો તથા ક, ખ, ગ, ઘ, વગેરે વ્યંજનોનો તેમાં સમાવેશ થાય છે. વેદમંત્રોનું યથાર્થ ઉચ્ચારણ થાય તે માટે શિક્ષાગ્રંથોમાં સર્વપ્રથમ તો ભાષામાં ઉચ્ચારતા જે તે સ્વરો તથા વ્યંજનો આપણા કંઠ કે મુખના કયા ભાગમાંથી ઉદ્ભવે છે? કઈ રીતે ઉદ્ભવે છે અને તેનું સાચું ઉચ્ચારણ કયું કહેવાય? વગેરેનું જ્ઞાન આપવામાં આવે છે.

'स्वर' એટલે સંગીત. વર્ણોના વ્યવસ્થિત ઉચ્ચારણની સાથે સાથે વેદમંત્રોમાં તેના ગાન માટે સ્વરોનું પણ અદ્ભુત આયોજન કરવામાં આવ્યું છે. આને જ સસ્વર વેદગાન કહેવામાં આવે છે.

'मात्रा' એટલે સમય. વેદમંત્રોમાં આવતા જે તે સ્વરોનું કેટલો સમય ઉચ્ચારણ કરવું તેનો નિર્ણય અહીં કરવામાં આવે છે. હ્રસ્વ, દીર્ઘ વગેરે માત્રાઓ ઉચ્ચારણના સમયને દર્શાવે છે.

'बलम्' એટલે મંત્રના અક્ષરોના ઉચ્ચારણમાં કરવામાં આવતી તાકાત.

'साम' એટલે વર્ણ ઉચ્ચારણની સમતા. તથા'सन्तानः'એટલે મંત્રના શબ્દોનું ક્રમ પ્રમાણે ઉચ્ચારણ કરવાનું આયોજન, જેને સંહિતા પણ કહેવામાં આવે છે.

આમ, વૈદિક શિક્ષાગ્રંથોમાં ઉપર જણાવેલા વેદમંત્રોના ઉચ્ચારણમાં ધ્યાન રાખવા જેવી બાબતોનું ઊંડાણથી નિરૂપણ કરવામાં આવે છે.

અહીં એક જિજ્ઞાસા સહેજે જાગી ઊઠે કે વેદોના કેવળ ઉચ્ચારણ માટે જ આટલી બધી વ્યવસ્થાઓ શા માટે? તો તેનું સમાધાન સમજી શકાય એવું છે. આપણા વેદો એ સામાન્ય પુસ્તકો નથી, પરંતુ દિવ્ય શાસ્ત્રો છે. આજથી હજારો વર્ષ પૂર્વે જ્યારે લખીને જ્ઞાનને સાચવવાની પદ્ધતિ અપનાવવામાં નહોતી આવી તે સમયમાં રહીને વિચારવાથી આ જિજ્ઞાસાનો ઉત્તર મળશે. વેદો એટલે સનાતન સિદ્ધાંતોનો વિશાળ નિધિ! તેનું એક એક વાક્ય એટલે સનાતન સિદ્ધાંતનું એક એક સૂત્ર છે. આ સિદ્ધાંતોને સાચવવા એટલે સર્વ પ્રથમ તો તેનું ઉચ્ચારણ જ બરાબર થવું જોઈએ એમ આપણા પૂર્વજોને ઉચિત લાગ્યું. કારણ સમગ્ર વેદ મંત્રરૂપે ઉચ્ચારવામાં આવતો. વેદના મંત્રો એટલે શબ્દોનો એક વિશિષ્ટ સમૂહ. અને શબ્દો એટલે વર્ણોનો-અક્ષરોનો સમૂહ. હવે જો વેદના શબ્દોના ઉચ્ચારણમાં કે ક્રમમાં જ ફેરફાર થઈ જાય તો સિદ્ધાંત જ નાશ પામે! તેથી વેદપાઠશાળાઓમાં વેદાધ્યયન કરવા ઇચ્છનાર વિદ્યાર્થીને પ્રથમ શિક્ષાનું જ્ઞાન આપવામાં આવતું.આ રીતે તૈત્તિરીય ઉપનિષદમાં વેદ અધ્યયનને ઉપયોગી એવી શિક્ષાનું સુંદર નિદર્શન કરવામાં આવ્યું છે. તેથી જ ઉપનિષદના આ ભાગને શિક્ષાવલ્લી કહેવામાં આવે છે.

**6.શિક્ષણનો મહિમા – स्वाध्यायप्रवचने च**

જ્યાં શિક્ષણ છે ત્યાં પ્રગતિ છે, ઉન્નતિ છે. જ્યાં શિક્ષણ નથી હોતું ત્યાં પ્રગતિ ન હોય, અધોગતિ હોય અને તે સમાજને દુઃખનો સામનો કરવો પડે. એટલે જ આપણે ત્યાં વૈદિક પરંપરાથી જ શિક્ષણની સતત પ્રેરણાઓ અપાતી રહી છે. આ ઉપનિષદમાં એ જોવા મળે છે. મંત્રના શબ્દો છે - ऋतं च स्वाध्यायप्रवचने च। सत्यं च स्वाध्यायप्रवचने च। तपश्च स्वाध्यायप्रवचने च। दमश्च स्वाध्यायप्रवचने च (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૭) વગેરે., સ્વાધ્યાય

એટલે અધ્યયન, ભણવું, અને પ્રવચન એટલે અધ્યાપન, ભણાવવું. આમ ભણવું અને ભણાવવું એ તો આપણે ત્યાં શાસ્ત્રનો આદેશ છે. આ અદકેરા વારસાને આપણે જાળવી રાખવો જોઈએ.

**7.દીક્ષાંત પ્રવચન -आचार्यः अन्तेवासिनम् अनुशास्ति**

પદવીદાન સમારંભોની પરિપાટી ભારતવર્ષમાં વૈદિક પરંપરાથી ચાલી આવે છે. શિક્ષાવલ્લીના ૧૧મા પ્રકરણ પર (અનુવાક પર) દૃષ્ટિ પડતાં સહેજે જ તે પરિપાટીનું સ્મરણ થઈ આવે છે. ભારતવર્ષની વૈદિક અધ્યયન પરંપરા મુજબ વિદ્યાર્થી આશ્રમજીવન સ્વીકારી ગુરુકુળવાસ કરે. નિર્ધારિત વર્ષો સુધી વિવિધ વિદ્યાઓમાં નિષ્ણાત આચાર્યો પાસે અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રોમાં નિપુણતા મેળવે. વિદ્યાભ્યાસ પૂરો થતાં આશ્રમમાં જ તે નિષ્ણાત વિદ્યાર્થીઓનો પદવીદાન સમારંભ યોજાય. આચાર્ય પોતે જ વિવિધ વિષયોમાં અધ્યયન પૂર્ણ કરી ઉત્તીર્ણ થઈ ચૂકેલા યુવાનોને વિવિધ પદવીઓથી વિભૂષિત કરી તેની વિધિસર જાહેરાત કરે. આ પદવીદાન સમારંભ એટલે વિદ્યાર્થીઓનો આશ્રમજીવનનો અંતિમ વર્ગ! આજ પછી આ નિષ્ણાતો ગુરુકુળવાસનો ત્યાગ કરી સ્વ અને સર્વના ઉત્કર્ષ માટે સમાજમાં પગલાં માંડશે. એક નવા જીવનનો આરંભ કરશે. તેથી આચાર્ય પણ પોતાના વહાલા આ વિદ્યાર્થીઓને સ્નેહભરેલાં ઉપદેશવચનો સંભળાવે. આ ઉપદેશવચનો એ જ દીક્ષાંત પ્રવચન! તેમાં સમગ્ર શિક્ષણનો સાર સમાયેલો હોય છે. આવો, એ ઉદાત્ત ભાવનામય દીક્ષાંત પ્રવચનના બોધને જાણીએ.

'वेदमनूत्याचार्योऽन्तेवासिनमनुशास्ति' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) વેદોનું અધ્યયન પૂર્ણ થતાં આચાર્ય અંતેવાસી એવા વિદ્યાર્થીઓનું અનુશાસન કરે છે. તેઓને આજ્ઞાવચનો કહે

છે - 'सत्यं वद । घर्मं चर। स्वाध्यायान् मा प्रमदः।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) સાચું બોલજે. ધર્મનું આચરણ કરજે. અભ્યાસમાં આળસનકરીશ ."मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव। अतिथिदेवो भव।' (तैत्तिरीय उपनिषद्‌ ૧/૧૧) માતાને દેવસમાન જાણજે. (દેવભાવે તેમની સેવા કરજે. રાજી કરજે.) પિતાને દેવસમાન જાણજે. આચાર્યને દેવસમાન જાણજે. અતિથિને દેવસમાન જાણજે."यान्यनवद्यानि कर्माणि। तानि सेवितव्यानि ।नो इतराणि।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) હે શિષ્યા હવે પછી લોક અને શાસ્ત્રમાં મળતાં આવતાં હોય, નિર્દિષ્ટ હોય. તેવાં જ કર્મો તું કરજે. તેથી અવળાં દોષયુક્ત કે નિંદિત કર્મો ન કરીશ यान्यस्माकंप्रश्नसितव्यं  (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) વળી, 'અમારાં આચરણોમાંથી પણ જે સારાં હોય તેનું જ અનુસરણ કરજે. બીજા નહિ. અને અહીંથી બીજે ગયા પછી ત્યાં પણ જો અમારા કરતાં પણ કોઈ શ્રેષ્ઠ અધ્યાપક મળે તો તેમનો તું આદર કરજે. તેમને આસન આપી સત્કારજે.! આ રીતે સાચા જીવનનું અનુપમ શિક્ષણ આપી છેલ્લે આચાર્ય કહે છે . एष आदेशः। एष उपदेशः। एतदनुशासनम् । મુતિમા' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) 'વત્સ, આ જ અમારો દીક્ષાંત આદેશ છે. ઉપદેશ છે. આ જ અનુશાસન છે. જાવ, આ પ્રમાણે હવે વર્તજો.'

આ રીતે દીક્ષાંત પ્રવચન પૂરું થતાં પુનઃ શાન્તિપાઠ કરી શિક્ષાવલ્લીનું સમાપન કરવામાં આવે છે.

આમ શિક્ષાવલ્લીમાં ભારતવર્ષની અતિ ઉન્નત જીવનદૃષ્ટિ અને શિક્ષણની વિચારસમૃદ્ધ ફિલસૂફીનાં દર્શન થાય છે.શિક્ષાવલ્લી પછી આ ઉપનિષદમાં આનંદવલ્લીમાં અધ્યાત્મનું - બ્રહ્મવિદ્યાનું શિક્ષણ પ્રાપ્ત થાય છે. આવો એનો આસ્વાદ માણીએ.

**(ब)આનંદવલ્લી :**

**1.બ્રહ્મજ્ઞાનીને પરબ્રહ્મની પ્રાપ્તિનું વરદાન – ब्रह्मविदाप्नोतिपरम्**

આનંદવલ્લી ઊઘડે ને પહેલા ઉદ્ગારમાં જ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત ગુંજી ઊઠે - 'ॐ ब्रह्मविद् आप्नोतिपरम्(તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) જે 'ब्रह्म'અર્થાત્ અક્ષરબ્રહ્મને જાણે તે'परम्' અર્થાત્ પરબ્રહ્મને પામે. અક્ષરબ્રહ્મને જાણવા એટલે તેની માહિતી નહીં, પરંતુ સાક્ષાત્કાર બ્રહ્મરૂપ થવું. અક્ષરરૂપ થવું. માટે જે બ્રહ્મરૂપ થાય તેને પરબ્રહ્મ પ્રાપ્તિનું અહીં વરદાન છે. 'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति |समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥'(ગીતા ૧૮/૭૪) એમ ગીતામાં અર્જુનને પણ આ જ વાત સમજાવવામાં આવી છે. એટલે જ ભગવાન સ્વામિનારાયણે પણ આ જ સિદ્ધાંતને દૃઢાવતાં કહ્યું કે જે બ્રહ્મરૂપ થાય તેને જ ભગવાનની ભક્તિનો અધિકાર છે. (વચનામૃત લોયા પ્રકરણ - ૭) વળી, 'આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું; ને બીજું ભગવાનમાં જોડાવું.' (સ્વામીની વાતો ૪/૧૦૧) એમ કહીને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ તો આ સિદ્ધાંતને જ જીવનનું પરમ ધ્યેય ગણાવ્યું છે.આ રીતે ब्रह्मविद आप्नोति परम्(તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) એમ કહીને સમગ્ર બ્રહ્મવિધાને જાણે અહીં સ્વરૂપે મૂકી દીધી છે.

**2.બ્રહ્મના સ્વરૂપની ઓળખાણ – सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म**

પરબ્રહ્મને પામવા અક્ષરબ્રહ્મને જાણવું અનિવાર્ય છે તેમ કહીને ઉપનિષદ અટક્યું નથી. તે અક્ષરબ્રહ્મનું જ્ઞાન સુગમતાથી થાય તે માટે અહીં અક્ષરબ્રહ્મના દિવ્ય સ્વરૂપનો પરિચય પણ કરાવ્યો છે. ઉપનિષદ કહે છે. सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) અક્ષરબ્રહ્મ सत्यम् છે. અર્થાત્ તેમનું સ્વરૂપ તથા ગુણો વગેરે કોઈ પણ પ્રકારના વિકાર પામ્યા વિના સદાય અસ્તિત્વ ધરાવેજ તો प्रज्ञानब्रह्म (ઐતરેય ઉપનિષદ ૩/૨) કહીને

ઐતરેય ઉપનિષદ આ અક્ષરબ્રહ્મની કીર્તિ ગાય છે. અક્ષરબ્રહ્મ अनन्तम्છે. અંત એટલે વિનાશ, વિનાશ વિનાનું એટલે અનંત, અવિનાશી. વળી, અંત એટલે સીમા. અનંત એટલે સીમા રહિત. અક્ષરબ્રહ્મ અંતયાર્મીશક્તિએ કરીને સર્વત્ર વ્યાપેલું છે તેથીતે અનંત છે.આમ, અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવ્યું. હવે આ રીતે અક્ષરબ્રહ્મને સમજનારને કેવું ફળ મળે તે જણાવે છે.

**3.બ્રહ્મ સાથે પરબ્રહ્મના સુખનું પાન - सोडश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा**

'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणाविपश्चितेति'(તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) અક્ષરબ્રહ્મ પરમ સુખ ભોગવે છે તેવું જ પરમ સુખ તે બ્રહ્મનો સાક્ષાત્કાર પામનાર બ્રહ્મરૂપ અક્ષરબ્રહ્મ સાથે અક્ષરધામમાં સદાય ભોગવતો રહે છે એમ આ મંત્રનો ભાવાર્થ છે.હવે જો તે બ્રહ્મને ન જાણે તો શું થાય તે પણ આ ઉપનિષદમાં જણાવ્યું છે'असन्नेव स भवति। असद्ब्रह्मेति वेद चेत्. (તૈત્તિરીય ઉપનિષદ ૨/૬) અર્થાત્ જે આ અક્ષરબ્રહ્મને અસદ્ જાણે, અ અસ્તિત્વને ન જાણે તો તે તેનું પોતાનું જ અસ્તિત્વ ગુમાવી બેઠો છે.આ રીતે પરબ્રહ્મ પ્રાપ્તિમાં ઉપયોગી એવા બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ માટે અક્ષરબ્રહ્મ તત્ત્વનું નિરૂપણ કર્યું હવે આવા બ્રહ્મજ્ઞાની ભક્તને પ્રાપ્ત થનાર પરમાત્માનું સ્વરૂપ કેવું હોય તે પણ અહીં દર્શાવ્યું છે તે જોઈએ.

**4.પરમાત્મા આનંદમય રસમૂર્તિ आनन्दमयः। रसो वै सः**

પરમાત્માનો અહીં પરમ આનંદમય રસમૂર્તિ રૂપે મહિમા ગવાયો છે. . 'तस्माद्वा एतस्माद् विज्ञानमयाद्।अन्योऽन्तर आत्मा आनन्दमयः'(તૈત્તિરીય ઉપનિષદ ૨/૫) વિજ્ઞાનમય શબ્દથી આ કહ્યો છે. વિજ્ઞાનમય એવા એ આત્માની અંદર પણ પોતાની અંતર્યામીશક્તિથી વ્યાપેલો અને એ આત્માના પણ આત્મા એવા પરમાત્મા પરબ્રહ્મ આનંદમય છે. रसो वै सः"

(તૈત્તિરીય એ પરમાત્મા આનંદમય રસમૂર્તિ છે. એટલું જ નહીં પરંતુ, रसं ह्येव लब्ध्वाऽऽनन्दी भवति। एषह्येवाऽऽनन्दयाति' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૭) એમ કહીને આ આનંદરસમૂર્તિ પરમા આનંદનું કારણ છે. તેઓને પામીને જ જીવપ્રાણીમાત્ર આનંદ પ્રાપ્ત કરે છે. તેઓ કરાવે છે એમ સમજાવ્યું છે.ને જે આનંદરસઘનમૂર્તિ છે, જે સર્વના આનંદનું કારણ છે, તે પરમાત્માના આનંદનું એ આનંદ કેવો છે? કેટલો છે? તે અંગે પણ અહીં મીમાંસા કરી છે, વિચાર કર્યો છે. તે હવે જાણીએ .

**5.પરમ આનંદની મીમાંસા सैषाऽऽनन्दस्य मीमांसा भवति**

'सैषाऽऽनन्दस्य मीमांसा भवति (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) હવે પરમાત્માના આનંદની મીમાંસાથાય છે એમ કહીને અહીં મનુષ્યના એક આનંદને માપદંડ તરીકે પ્રસ્તુત કરી તેના આધારે પરમાત્મા ના આનંદને મૂલવવા પ્રયત્ન કર્યો છે અને તારણ પણ કાઢ્યું છે. મનુષ્યનાએકઆનંદનીવ્યાખ્યાકરતાઉપનિષદકહેછે. यता स्यात साध्य यताद्यायकः । आशिषो (૨/૮) અર્થાત્ યુવાન વય હોય, સાધુસ્વભાવ હોય, ભણાવી શકે એવી બુદ્ધિપ્રતિભાથી સંપન્ન હોય, આશાવાન હોય, નિરાશ ન હોય, બધું જ જમી શકે અને પચાવી શકે એવો નીરોગી હોય, મજબૂત શરીરવાળો હોય, એવું જ મજબૂત મનોબળ ધરાવતો હોય, એટલું જ નહીં આ સમગ્ર પૃથ્વી ધનથી ભરેલી હોય અને તે તેની હોય અર્થાત્ તે સમગ્ર પૃથ્વીનો સમ્રાટ હોય. આ બધું જ એક જ વ્યક્તિમાં ભેગું થાય ત્યારે તેને મનુષ્યનો એક આનંદ કહેવાય. ત્યાર પછી અહીં કહે છે, ते ये शतं मानुषा आनन्दाः। स एको मनुष्यगन्धर्वाणाम् आनन्दः।' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) મનુષ્યના એવા સો આનંદ ભેગા કરીએ ત્યારે તે તો મનુષ્યગંધર્વનો એક જ આનંદ થાય. આ રીતે મનુષ્યગંધર્વ પછી દેવગંધર્વ, પિતૃઓ,

આજાનજ નામના દેવો, કર્મદેવો, અન્ય દેવો, ઇંદ્ર, બૃહસ્પતિ, તથા પ્રજાપતિનો નિર્દેશ કર્યો. અને તે સર્વેના આનંદને તેમની પૂર્વે કહેલા દેવોના આનંદ કરતા સો ઘણો દર્શાવ્યો.અનેત્યારપછીકહ્યું તે ये शतं प्रजापतेरानन्दाः। स एको ब्रह्मण आनन्दः।) 'तैत्तिरीय उपनिषद् २ - (૮/એ પ્રજાપતિના સો આનંદ ભેગા કરીએ ત્યારે અક્ષરબ્રહ્મનો એક આનંદ કહેવાય ' આમ તો .अनन्तं ब्रह्म )તૈત્તિરીય ઉપનિષદએમ કહી અહી આ અક્ષરબ્રહ્મ વગેરેની અનંતતા દર્શાવી છે. તેથી તેમનો આનંદ પણ અનંત જ હોય તેમ છતાં પરમાત્માનો સર્વોત્કૃષ્ટ મહિમા સમજાવવા બ્રહ્મનો એક આનંદ એમ કહી મદદમાત્ર લીધી છે

આ રીતે મનુષ્યથી લઈને અક્ષરબ્રહ્મ સુધી એક એકથી સો ઘણા ચઢિયાતા આનંદનો નિર્દેશ કરીને અંતે પરમાત્મા ના આનંદ માટે તો એવું તારણ મૂકી દીધું કે यतो वाचो निवर्तन्ते। अप्राप्य मनसा सह' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૯) પરમાત્માના આનંદની તો વાત જ થાય તેમ નથી. ત્યાં તો વાણી પણ પાછી પડે. મન પણ પાછુ_પડે, કહેતાં પરમાત્માનો આનંદ તો અપાર, અતિ અપાર અને અતિ અતિ અપાર છે. તેનો તાગ કોઈ કાઢી ન શકે. આવો અનંત આનંદ તેઓ સદાય ભોગવે છે. સહજ ભોગવે છે. એટલે કે તેઓ અનંતાનંદ છે, સહજાનંદ છે.

આ રીતે દ્વિતીય વલ્લીમાં પરમાત્માના પરમ આનંદમય સ્વરૂપનો તથા તેમના અનંત દિવ્ય આનંદનો સુંદર અને સુગમ ઉપદેશ કર્યો હોવાથી તૈત્તિરીય ઉપનિષદની આ વલ્લીને આનંદવલ્લી કહેવામાં આવે છે. આવા પરમ આનંદમય પરમાત્માનું સામર્થ્ય કેવું છે તે પણ અહીં દર્શાવ્યું છે. તે હવે જાણીએ

**6.આનંદસ્વરૂપ એ જ સર્વ સ્રષ્ટા - - इदं सर्वम् असृजत**

सोऽकामयत। बहु स्यां प्रजायेय। स तपस्तस्त्प्त्वा। इदं सर्वमसृजत। तत्सृष्ट्ा। तदेवानुप्राविशत्। તૈત્તિરીય ઉપનિષદ2 /6એ પરમાનંદમય પરમાત્મા એ સૃષ્ટિ રચવાનો સંકલ્પ કર્યો અને એ સંકલ્પ પ્રમાણે તેમણે આ બધુ સર્જન કર્યું અને તે સૃષ્ટિમાં પોતે અનુપ્રવેશ આ રીતે આનંદસ્વરૂપ પરમાત્મા જ સકળ .કર્યો નિયામક અને આધાર ,જગતના .છે તે જણાવ્યું भीषास्माद वातः पवते। भीषोदेति सूर्यः। भीषास्माद् अग्निश्चेन्द्रश्च। मृत्युर्घावति पञ्चम इति) 'તૈત્તિરીય ઉપનિષદ2/8આનંદ સ્વરૂપ  પરમાત્માના ભયથી વાયુ વાય છે.સૂર્ય ઉદિત થાય છે .અગ્નિ તથા ઇન્દ્ર વગેરે દેવતાઓ આજ્ઞામાં વર્તે છે અને મૃત્યુ પણ તેમની જ આજ્ઞા થી પ્રવૃત થાય છે એમ કહીને પરમાનંદમય પરમસત્તાનું પ્રતિપાદન કર્યું છે

**7. ફળ - આનંદમયની પ્રાપ્તિ - आनन्दमयम् उपसंक्रामति**

આ રીતે આ આનંદવલ્લીમાં'ब्रह्मविद् आप्नोति परम्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) જે અક્ષરબ્રહ્મને જાણે, કહેતાં બ્રહ્મરૂપ થાય તે પરબ્રહ્મને પામે.' એમ ઉપદેશનો પ્રારંભ કરીને બ્રહ્મજ્ઞાનને સુગમ કરવા અક્ષરબ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કર્યું. અને ત્યારબાદ એ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખી બ્રહ્મરૂપ થયેલા ભક્તને જે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે પરમાત્માનું સ્વરૂપ પણ આનંદમય રસઘનમૂર્તિરૂપે વર્ણવ્યું. હવે અંતમાં ઉપસંહાર કરતા આ ઉપદેશને જે યથાર્થ રીતે સમજે તેને કેવું ફળ મળે તે દર્શાવી સમાપન કરે છે -'स य एवं वित्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) જે મનુષ્ય આ રીતે અહીં સુધી જે જે ઉપદેશ કર્યો તેને તે જ પ્રમાણે સમજે તો તે સમજનાર મનુષ્ય પોતે પણ બ્રહ્મરૂપ થઈ.आनन्दमयम् आत्मानम् उपसंक्रामति(તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) પરમાનંદમય પરમાત્માને પામે - પરમ આનંદનો ભોગી બને.' આ રીતે

તૈત્તિરીય ઉપનિષદમાં આવેલા આનંદવલ્લીના મર્મને જાણ્યો. હવે ત્રીજી ભૃગુવલ્લીના સારને જાણીએ.

**(क) ભૃગુવલ્લી**

વરુણ નામના ઋષિ પાસે ભૃગુ નામનો તેમનો પુત્ર 'अधीहि भगवः'(તૈત્તિરીય ઉપનિષદ ૩/૧) 'ભગવન! મને અધ્યાત્મવિદ્યા ભણાવો.' એમ કહી શિષ્યત્વ સ્વીકારે છે. ત્યારે પિતા વરુણ પણ પ્રસન્ન થઈ પુત્ર- શિષ્ય ભૃગુને અધ્યાત્મજ્ઞાન પીરસે છે. આમ તૈત્તિરીય ઉપનિષદના આ ભાગના ઉપદેશનો શ્રોતા ભૃગુ છે તેથી આ ભાગને ભૃગુવલ્લી કહેવામાં આવે છે. વળી, પિતા વરુણે આ જ્ઞાન પોતાના પુત્ર ભૃગુને આપ્યું છે તેથી सैषा भार्गवी वारुणी विद्या" (તૈત્તિરીય ઉપનિષદ ૩/૬) આ વિદ્યા ભાર્ગવી વિદ્યા તથા વારુણી વિદ્યા તરીકે પણ પ્રસિદ્ધિ પામી છે.

**1. આનંદમય ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયના કર્તા-आनन्देन जातानि जीवन्ति**

આ પહેલાં આનંદવલ્લીમાં પરમાત્માને આનંદમય કહ્યા અને જગતના કર્તા-હર્તા તે આનંદમય પરમાત્મા જ છે એમ ઉપદેશ કર્યો. હવે આ ભૃગુવલ્લીમાં જરા જુદી રીતે પણ તે જ ઉપદેશ ફરી કરવામાં આવ્યો છે. જેમ કે આ વલ્લીના આરંભમાં જ પિતા વરુણ અધ્યાત્મવિદ્યા ભણવા આવેલા પુત્ર ભૃગુને કહે છે - यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यत्प्रयन्त्यभिसं-विशन्ति।तद्विजिज्ञासस्व (તૈત્તિરીય ઉપનિષદ ૩/૧) જેને લઈને આ જીવપ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે. જેને લઈને તે બધું જીવિત રહે છે. ટકી રહે છે. વળી, પ્રલય થતાં જેમાં એ બધું પાછુ _ સમાઈ જાય છે. તેને તારે જાણવા જોઈએ.' એમ કહીને પોતે જ તે કોણ છે તે જણાવતાં કહે છે – आनन्दाद्ध्येव खल्विमानि

ખરેખર! આનંદમય પરમાત્માથી જ આ બધું ઉત્પન્ન થાય છે. આનંદમય પરમાત્માથી જ ઉત્પન્ન થયેલું બધું જીવિત રહે છે, ટકી રહે છે. અને અંતે પ્રલય પણ એ આનંદમય પરમાત્મા થકી જ થાય છે. કહેતાં જગતની ઉત્પત્તિ-સ્થિતિ તથા પ્રલયના કર્તા આનંદમય પરમાત્મા જ છે. આ રીતે ભૃગુવલ્લીનો મુખ્ય વિષય આનંદમય પરમાત્મા જ રહ્યો છે.

**ઉપસંહાર**

આમ આ તૈત્તિરીય ઉપનિષદનો ટૂંકસાર જાણ્યો. અહીં એટલું તો અવશ્ય સમજાય છે કે આપણું વૈદિક શિક્ષણ કેવળ લૌકિક આવડતો પૂરતું મર્યાદિત નથી. શિક્ષણની દરેકે દરેક શાખામાં તે અધ્યાત્મવિદ્યાને ભેળવે છે. બ્રહ્મવિદ્યાને ભેળવે છે, અને જે શિક્ષણ પોતામાં બ્રહ્મવિદ્યાને સમાવતું હોય તો તે અવશ્ય સર્વજીવહિતાવહ જ હોય, સર્વમંગલમય જ હોય, પરમ આનંદમય જ હોય. ખરેખર! યજુર્વેદમાં સમાયેલું આ તૈત્તિરીય ઉપનિષદ તેનો એક સુંદર દાખલો છે. અસ્તુ.

**સંદર્ભસૂચિ**

1.શ્રી ઉપનિષદો તાત્પર્યદિપીકા સહિત,શ્રી નથુરામ શર્મા (1976),આનંદ આશ્રમ બિલખા .

2.ઉપનિષદોનું તત્વજ્ઞાન (1948) ડૉ. ચંદ્રશંકર શુક્લ, વોરા રાધાકૃષ્ણ કં

3.ગીતાતત્વ વિચાર, ડૉ. કિશોર શિ. દેવુ, યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

4. A Constructive Survey of Upnishadie Philosophy, Prof.R.D Ranade (1926)Oriental book Agency,poona.

5.The Principal Upnishads,Dr.s.Radhakrishnana,1951,G.Allen &Unwine Ltd .London .

The Brihadaranyaka Upnishad,swami Madhavnanda,(1934)Advaita Ashrama,Almora.

6.The Indian Philosophy of Education Humayan Kabir,Asia Publishing House,1964.

7. वैदिक साहित्य ओर संस्कृति ,बलदेव उपाध्याय (१९५८) शारदामन्दिर, काशी .